

દેશની પ્રથમ મુદ્રા બેંક લોંચ
Page-6

સુવિચાર : શબ્દને ઓળખવા માટે લય જોઇએ, મનને ઓળખવા માટે વય જોઇએ, વયને ઓળખવા માટે સમય જોઇએ - ભીખુદાન ગઢવી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯ | ૯ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગિફ્ટ સીટી દેશનું પ્રથમ આઈએફએસસી બનશે

## આવતીકાલે મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર માટેના નિયમો જાહેર કરશે : દેશના અબજો ડોલર ગ્લોબલ ફાઈનાન્સિયલ હબમાં જતા અટકશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી - ગિફ્ટ સીટી દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ હબ બનાવવા સપનું સેવ્યું હતુ. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે ગિફ્ટ એસઈઝેડ ખાતે દેશના પોતાના ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટરની સ્થાપનાનો નિર્ણય કરી તેના માટેના નિયમનકીય ધારાધોરણો જાહેર કરવાનું નક્કી કર્યુ છે. આ સંદર્ભે રાજયનાં નાણામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, ગિફ્ટ સીટી ખાતેનું દેશનું પોતાનું ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસીસ સેન્ટર શરૂ કરવાનું બહુમાન ગુજરાતને મળી રહયું છે તે ગુજરાત અને છ કરોડ ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે, આ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટરને કારણે વૈશ્વિક કક્ષાની ફાયનાન્સિયલ સેવા દેશમાં-ગુજરાતમાં ઉપલબ્ધ બનશે એટલું જ નહીં, લંડન, ન્યુયોર્ક, દુબઈ, સિંગાપોર અને હોંગકોંગ જેવા ગ્લોબલ ફાયનાન્સિયલ હબમાં નાણાકીય સેવાઓના કારોબારમાં જઈ રહેલાં દેશના અબજો ડોલરને પણ બચાવી શકાશે

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ''રેગ્યુલેટરી ફ્રેમવર્ક ફોર આઈએફએસસી ઈન ઈન્ડિયા'' વિષય ઉપર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં નાણા મંત્રી શ્રી અરૂણ જેટલી ગિફ્ટ સીટી ગાંધીનગર ખાતેના દેશના સૌપ્રથમ

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : કશ્યપ નિમાવત)

પાનખરનું સૌંદર્ય : પાનખરની વિદાયનું કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે ત્યારે ગાંધીનગરના માર્ગોની બંને બાજુ વૃક્ષ પરથી ખરેલા પીળા પાંદડાની કાર્પેટ પથરાઈ હોય એમ લાગે છે સાથે સાથે વૃક્ષનું ખાલીખમ હોવું એ પણ એક અનોખું સૌંદર્ય નિર્માણ કરે છે... પાંદડા વિનાના વૃક્ષોમાં ઉભરાતું સૌંદર્ય આંખને નવી ચેતના પુરી પાડે છે... વૃદ્ધત્વનો પણ એક અનોખો મહિમા હોય છે એમ પ્રકૃતિમાં પણ પાનખરનું સૌંદર્ય અલગ જ હોય છે...

# ગાંધીનગર જિલ્લાના રિસર્વેમાં એક વર્ષ કરતાં વધુ વિલંબ થયો

## હજુ માત્ર ૮૭ ગામોના રેકર્ડનું જ આખરીકરણ થવા પામ્યુ છે

## અત્યંત ધીમી ગતિની કામગીરીથી તંત્રની ચોમેર ટીકા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં જમીન રિસર્વેના પ્રોજેક્ટમાં થઈ રહેલા વિલંબને લઈ તંત્ર માટે પણ આ પ્રોજેક્ટ હવે શિરદર્દ જેવો બની ગયો છે. માર્ચ-૨૦૧૪માં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો હતો પરંતુ હજુ સુધી માત્ર ૮૭ ગામોના રિપોર્ટ જ આખરી કરી શકાયા છે.

અત્યંત ધીમી ગતિએ આ પ્રોજેક્ટ ચાલી રહ્યો હોવાથી સરકારની કડક ટીકાનો ભોગ વારંવાર જિલ્લાના અધિકારીઓને બનવુ પડે છે. જે ૮૭ ગામોનો રિપોર્ટ આખરી થયો છે તેમાં ગાંધીનગરના ૬, દહેગામના ૧૪, કલોલના ૧૩ અને માણસાના ૧૪ ગામોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો મુજબ ૧૩ ગામોમાં સર્વેની કામગીરી આખરી કરવા માટે ગ્રામજનોને નોટીસો આપી તેમના વાંધા સૂચનો માંગવામાં આવ્યા છે.

જમીન રિસર્વેમાં જમીન

● અનુસંધાન પાન-૭ પર


બુધવારથી આઈપીએલની વિવિધ મેચનો પ્રારંભ થઈ ગયો છે. અમદાવાદ ખાતે રમાનારી આઈપીએલની મેચની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે... ખેલાડીઓનું અમદાવાદ ખાતે આગમન થતાં ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

# શિક્ષણમાં ગુણાત્મક સુધાર માટે આજે ગાંધીનગરમાં મેરેથોન બેઠકનું આયોજન

## શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં શિક્ષણ સમિતિના ચેરમેનો અને અધિકારીઓની સંયુક્ત બેઠક જીસીઆરટીમાં મળશે : પ્રવેશોત્સવ, આંતર માળખાકીય સુવિધા, માધ્યમિક શિક્ષણમાં ડ્રોપઆઉટ રેસિયો, શૈક્ષણિક કર્મચારીની ભરતી, ફાજલ શિક્ષકો સહિતના પ્રશ્નો ચર્ચાશે

ગાંધીનગર, તા.૮

રાજયના તમામ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનો, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તેમજ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને સરકારના શિક્ષણ વિભાગના અધિકારીઓની શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં એક મહત્વની બેઠક ગાંધીનગર ખાતે મળશે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજ્ય શિક્ષણમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં મળનારી આ બેઠકમાં શિક્ષણમાં ગુણાત્મક સુધાર લાવવાને લઈ ગંભીર ચર્ચા - વિચારણા થશે. આ બેઠકમાં માધ્યમિક શિક્ષણમાં ડ્રોપઆઉટ રેસિયાને લઈ પણ ચર્ચાઓ થનાર હોવાનું જાણવા મળેલ છે.

ગુણોત્સવ-૨૦૧૫ના તારણોને આધાર બનાવી સરકાર આ બેઠકમાં પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક સુધાર પર આગામી દિવસોમાં ભાર મુકવા માગે છે તેની સ્પષ્ટ રૂપરેખા તૈયાર કરાશે.

શિક્ષણ વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શિક્ષણના સાર્વત્રિકરણ સાથે સાથે સઘનીકરણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે સ્પષ્ટ આગ્રહી બની છે. પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ પણ પુરતી ઉપલબ્ધ બની છે ત્યારે હવે સ્પર્ધાત્મક શિક્ષણનો અભિગમ અપનાવી સમય સાથે તાલ મિલાવવા માટેનું આ ચિંતન મહત્વનું પૂરવાર થશે.

આ સુત્રોએ જણાવ્યું છે કે, આગામી શૈક્ષણિક સત્રના પ્રારંભે યોજાનાર પ્રવેશોત્સવ માટે પણ કેવી રીતે લોકજાગૃતિ આવે તે અંગે આ બેઠકમાં ચર્ચા થશે. ૩૦ એપ્રીલ સુધીમાં પ્રવેશપાત્ર બાળકોનો સર્વે પૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીમાં આંશિક વધારો

ગાંધીનગર, તા. ૮

ગયા અઠવાડિયે વાતાવરણમાં આવેલા પરિવર્તન બાદ હવે ધીમે ધીમે વાતાવરણમાં સ્થિરતા આવી રહી છે. આજે મહત્તમ તાપમાનમાં આંશિક વધારો જોવા મળ્યો હતો અને આકાશ પણ એકદમ સ્વચ્છ જોવા મળ્યું હતું. મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. નોંધાયું હતું.

માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયામાં હીટવેવનો અનુભવ થયો હતો અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતુ. ત્યાર બાદ છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પરિવર્તન આવ્યુ હતુ. આકાશમાં વાદળો છવાતા અને ઠંડી પવન ફુંકાતા મહત્તમ તાપમાનમાં ૭ થી ૮ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો.


CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

શુદ્ધ જળ | સ્વસ્થ તન | સ્વસ્થ જીવન
Shuddh Jal
Green Earth, Blue Sky
ભારતીયો માટે સલામત પાણી લાવનાર
WHO, USAID, CDC દ્વારા ભલામણ કરેલ બાયોસેન્ડ ટેકનોલોજી

Hydraid®
BioSand Water Filter
Manufactured by Cascade Engineering

ટેક્નીકલ ખાસિયતો
- ઈલેક્ટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત.
- પ્રતિ કલાકે ૪૭ લિટર પાણી (સમયાંતરે) શુદ્ધ કરે.
- તેનો વપરાશ ૧૦ વર્ષ સુધી કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યકિતના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી
- એફડીએ દ્વારા પ્રમાણિત, યુ.વી. અવરોધક પ્લાસ્ટીકબોડી.
- બેકટેરીયા, વાઈરસ, પેરેસાઈટસ જેવી અશુદ્ધિઓ દુર કરે છે.

ફાયદાઓ
- શુદ્ધ પાણી મેળવવા માટે કોઈ છુપો ખર્ચ થતો નથી.
- શુદ્ધ પાણીથી ચામડી અને પેશાબના રોગોમાં ઘટાડો થાય છે.
- શુદ્ધ પાણીથી રોગો સામે રક્ષણ મળવાથી શરીર તંદુરસ્ત બને છે.
- જાળવણી તમે જાતે જ કરી શકો છો.
- પાણીમાં રહેલ (મીનરલ) પોષક તત્વો જાળવી રાખે છે.
- આર.ઓ. સીસ્ટમકરતાં પાણીનો ૬૦ થી ૭૦ ટકા બચાવ કરે છે.
- કાર્બનફુટ પ્રીન્ટ અને પ્લાસ્ટીક પ્રદુષણ ઓછું કરે છે.

પ્રત્યક્ષ નિદર્શન, બુકીંગ તથા ડીલરશીપ માટે સંપર્ક કરો.
MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"
E-mail : md@madhavmicrotech.com | Web : www.madhavmicrotech.in
વર્કસ/ઓફીસ : પ્લોટ નં. એ-૬૪, કલ્પવૃક્ષ ટ્રેઈનીંગ સેન્ટરથી ડાબી તરફ, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનીકસ એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬. ગુજરાત. (ઈન્ડિયા)
મો. ૯૪૨૬૦ ૬૦૪૫૮, ૯૮૩૩૮ ૮૮૭૦૨, ૯૪૨૬૮ ૨૮૭૮૨, ૯૪૦૮૪ ૦૯૬૪૪
E-mail : jagatkdave@yahoo.com
બ્રાન્ચ ઓફીસ : ૬૦૨ સિંધુ બિલ્ડીંગ, વસંત કોમ્પ્લેક્ષ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

Mo.091 9574978736
Savoury (GUJ)
Restaurant & Benquet
A.C. PUre Veg.
આપની મુલાકાત એક અવસર બની રહેશે
Fix Lunch 110 | Dulex Lunch 130 | Unlimited Lunch 180
બેન્કવેટ હોલ કેપેસીટી
50 + 250 વ્યક્તિ
ગ્રુપ ઓફ સુરભી રેસ્ટોરન્ટ નરોડા
બહુ જ ઈકોનોમીક મેનુ રેટ
ખુબ સારું વાતાવરણ તથા પાર્કીંગ
Shop No. 108 to 1007 & 112, Atria Business Hub Complex, Sarghasan Cross Road, Kh'0' Circle Cross Road, Gandhinagar-382306